સુવિચાર : જે આંદોલનથી મહાન હેતુ સિદ્ધ થાય તે ચળવળ, અને જે આંદોલનથી નીચા જોવાપણું થાય તે ધાંધલ - સરદાર પટેલ

તાપમાન
મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૨૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૦ — ૨૧ જાન્યુઆરી, ૨૦૧૬, ગુરૂવાર ; પોષ સુદ - ૧૨ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

ભારત દ્વારા પાકિસ્તાન પર તીવ્ર દબાણ લવાશે

સેટેલાઈટ IRNSS-1Eનું સફળતાપૂર્વક લોન્ચિંગ

રોહિતનો આપઘાત દલિત વિરુદ્ધ બિન દલિત મામલો નથી : ઇરાની

કેજરીવાલ સામે ફોજદારી ફરિયાદ કોર્ટે ફગાવી

દાઉદના સાગરિત ચિકનાને સકંજામાં લેવા માટે તૈયારી

ભારત ઉપર આસ્ટ્રેલિયાની જીત

વિરાટનો વિરાટ દેખાવ : સૌથી ઝડપી ૨૫ સદી સદી ફટકારી

સલમાનને નિર્દોષ છોડવાના હુકમને સુપ્રીમમાં પડકારાશે

શેરબજાર કડડભુસ : સેંસેક્સમાં ૪૧૮ પોઇન્ટનો કડાકો બોલાયો

# પાકિસ્તાનમાં આતંકી હુમલો : ૨૫થી વધુના મોત

## હુમલાને અંજામ આપનાર ચારેય ત્રાસવાદીઓ મોતને ઘાટ : હુમલામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઘાયલ







ઈસ્લામાબાદ,તા. ૨૦ ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં આજે બાચાખાન યુનિવર્સિટીમાં કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલામાં ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થયા છે અને અન્ય ૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. માર્યા ગયેલાઓમાં મોટાભાગના વિદ્યાર્થીઓ અને પ્રોફેસર હોવાનું જાણવા મળ્યું છે. યુનિવર્સિટી કેમ્પસમાં બ્લાસ્ટ અને ગોળીબારનો અવાજ સંભળાયો હતો. હુમલામાં મોતનો આંકડો વધી શકે છે. આ હુમલાની જવાબદારી તહેરિકે તાલિબાન ત્રાસવાદી સંગઠને સ્વીકારી લીધી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે હુમલાખોરો બાચા ખાન યુનિવર્સિટીમાં ઘુસી ગયા હતા. આ યુનિવર્સિટી પાકિસ્તાનના હિંસાગ્રસ્ત ઉત્તરપશ્ચિમ ખેબર પખ્તુનખવામાં

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હી, એનસીઆર, હરિદ્વારમાં ભીષણ હુમલાની યોજના નિષ્ફળ

## ઇન્ટેલિજન્સ સંસ્થા-દિલ્હી પોલીસને મોટી સફળતા મળી : ઉત્તર ભારતમાંથી ત્રણ ખતરનાક શખ્સોની ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલ

નવી દિલ્હી,તા. ૨૦ ઈન્ડિયન ઈન્ટેલિજન્સ એજન્સીઓ અને દિલ્હી પોલીસના ખાસ સેલે એનસીઆર, દિલ્હી અને હરિદ્વારમાં મોટા ત્રાસવાદી હુમલાની યોજનાને નિષ્ફળ બનાવી દીધી છે. આ તપાસ સંસ્થાઓએ ચોક્કસ બાતમીના આધારે મોટી સફળતા મેળવીને એક વૈશ્વિક ત્રાસવાદી સંગઠનની પ્રથમ ખતરનાક યોજનાનો પર્દાફાશ કરી દીધો છે. ઉત્તર ભારતમાંથી આ સંબંધમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સંગઠન દ્વારા મોટા હુમલાની યોજના હતી. ધરપકડ કરવામાં આવેલા શખ્સો પૈકી એકની ઓળખ અખલાક તરીકે કરવામાં આવી છે. ઓપરેશન હાલમાં જારી હોવાના કારણે વધારે વિગત જાહેર કરવામાં આવી રહી નથી. આ સંગઠને દિલ્હીમાં અનેક જગ્યાએ, એનસીઆરમાં એક મોલ અને હરિદ્વારમાં અર્ધકુંભમાં હુમલાની યોજના તૈયાર કરી હતી. હુમલાની યોજના તૈયાર કરી લેવામાં આવી હતી અને હુમલાની તૈયારી હતી ત્યારે જ સુરક્ષા સંસ્થાઓ અને પોલીસે તેમની યોજના નિષ્ફળ બનાવી દીધી છે. યોજનાના ભાગરૂપે દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીને ટાર્ગેટ કરવાની યોજના હતી કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી. પ્રજાસત્તાક દિવસની પરેડમાં ફ્રાન્સના પ્રમુખ ફ્રાન્કોઈસ હોલાન્ડે પણ મુખ્ય મહેમાન બનનાર

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલથી ગાંધીનગરમાં સ્પીકર્સ કોન્ફરન્સ આરંભાશે

ગાંધીનગર, તા. ૨૦ આવતીકાલથી ગાંધીનગરના



વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા ભવન ખાતે દેશની ૭૮મી સ્પીકર્સ કોન્ફરન્સ શરૂ થવા જઈ રહી છે. ગુજરાતમાં આ ચોથીવાર અને ગાંધીનગરમાં ત્રીજીવાર સ્પીકર્સ કોન્ફરન્સ યોજાઈ રહી છે. આ કોન્ફરન્સનું અધ્યક્ષ પદ લોકસભાના અધ્યક્ષા શ્રીમતી સુમિત્રા મહાજન સંભાળશે અને દેશના તમામ વિધાનમંડળોના અધ્યક્ષશ્રીઓ અને સચિવશ્રીઓ ઉપસ્થિત રહેશે.

### સ્પીકર્સ કોન્ફરન્સ સૌ પ્રથમ રાજકોટમાં મળી હતી : ગાંધીનગરમાં ત્રીજીવાર સ્પીકર્સ કોન્ફરન્સ યોજાઈ રહી છે

ગુજરાતમાં સૌ પ્રથમ સ્પીકર્સ કોન્ફરન્સ ૧૯૫૫માં સૌરાષ્ટ્ર સ્ટેટના રાજકોટમાં યોજાઈ હતી. જે વખતે તેનો પ્રારંભ લોકસભાના અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવલંકરે કરાવ્યો હતો. આ વખતે સૌરાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષપદે શ્રી દેસાઈ હતા.

આ ઉગાઉ ૧૯૭૩માં ગાંધીનગર ખાતે સ્પીકર્સ કોન્ફરન્સ યોજાઈ હતી. ત્યારે વિધાનસભાના અધ્યક્ષપદે સ્વ. રાઘવજીભાઈ લેઉઆ હતા અને લોકસભાના અધ્યક્ષપદે શ્રી જી.એસ. ધિલ્લોન હતા. આ પછી બીજી કોન્ફરન્સ ૧૯૯૨માં મળી હતી. ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના પ્રદેશ પ્રમુખનો મામલો અટવાયો : હવે ૨૫મી બાદ જાહેરાત

## આગામી ૨૪મીએ રાષ્ટ્રીય પ્રમુખની જાહેરાત બાદ ગુજરાતનો મામલો હાથ પર લેવાશે : ગુજરાતમાં રાજકીય પરિવર્તનની સંભાવના વર્તાય છે

ગાંધીનગર, તા.૨૦ ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત આજકાલમાં થવાની હતી પરંતુ રાજકીય મતભેદો સપાટી પર આવતા સમગ્ર મામલો હાલ પુરતો અટવાયો છે. ભાજપના અંતરંગ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ ૨૫મી જાન્યુઆરી બાદ પ્રદેશ પ્રમુખની જાહેરાત દિલ્હીથી કરવામાં આવશે.

પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટે નિમાયેલ નિરીક્ષક અર્જુનરામ મેઘવાલ જે આજે સાંજે ગુજરાત આવવાના હતા તે પણ મુલત્વી રહ્યું હતું. ૨૪મી જાન્યુઆરીએ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની જાહેરાત થવાની છે. શ્રી અમિત શાહની મુદત પુરી થતાં નવા અધ્યક્ષની નિમણુંકના ચક્રો ગતિમાન થયા છે. એક જુથ માની રહ્યું છે કે, અમિત શાહને વધુ એક મુદત માટે રાષ્ટ્રીય પ્રમુખ તરીકે યથાવત રાખવા જોઈએ. જ્યારે બીજુ એક જુથ અમિત શાહને ગુજરાતનો કારભાર સોંપવાની રજૂઆતમાં વ્યસ્ત છે. અને આ પ્રકારની બેવડી વાતોથી કેન્દ્રીય મોવડીમંડળ દ્વિધા અનુભવે છે.

હાલ પુરતો ભાજપ પ્રદેશ પ્રમુખનો મામલો એક સપ્તાહ પુરતો મુલત્વી રખાયો છે. ૨૪મીએ રાષ્ટ્રીય પ્રમુખની જાહેરાત બાદ નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરાશે એમ સત્તાવાર સૂત્રો જણાવે છે. કદાચ ગુજરાતના મંત્રીમંડળમાં પણ મોટા ફેરફારની સંભાવના વર્તાઈ રહી છે. પ્રજાસત્તાક દિન બાદ રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્યકક્ષાએ મોટા ફેરફારો થશે.




